સિવિલ ડિફેન્સના સ્વયંસેવકો-વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા

@ગાંધીનગર

● સમસ્ત પ્રજાપતિ સમાજ દ્વારા સવારે ૯.૦૦ કલાકે યુવક-યુવતી પસંદગી મેળો યોજાશે.

● સમગ્ર ગોપી મહિલા મંડળ દ્વારા રાત્રે ૮.૦૦ કલાકે સત્યમ-શિવમ-સહયોગ નવરાત્રી ચોક સે-૨૪ ખાતે સંજય ભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ-કથા યોજાશે.

આજે સે-૪ બ્રહ્મસમાજ શાખાનો સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

સમસ્ત બ્રહ્મસમાજની સેકટર-૪ શાખા દ્વારા તા. ૧૭મી એપ્રિલને રવિવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સ્નેહમિલન અને સમૂહભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૪ના તમામ બ્રાહ્મણ પરિવારોને ઓમકારેશ્વર મંદિર ખાતે હાજર રહેવા સમાજના સંગઠન મંત્રી કેતન ઉપાધ્યાયે અનુરોધ કર્યો છે. આ કાર્યક્રમ અંગે વધુ માહિતી મેળવવા માટે પ્લોટ નં. ૯૯૮/૨, સે-૪-ડીનો સંપર્ક કરવા સંસ્થાના હોદ્દેદારોએ જણાવ્યું છે.

ડૉ. આંબેડકર જન્મ જયંતિએ આર.જી. કન્યા શાળાની વિદ્યાર્થીનીઓના વકતવ્યો

ગાંધીનગર, તા.૧૬

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી.પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળા, સે-૨૩ની વિદ્યાર્થીનીઓ હિરલ ચૌધરી અનેરાજવી શાહે ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ પ્રસંગે યોજાયેલ રાજય કક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી રોકડ ઈનામ અને પ્રમાણપત્ર મેળવ્યા હતા. આ બંને વિદ્યાર્થીનીઓએ ગત તા. ૧૪મી એપ્રિલના રોજ ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક ખાતે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ બાદ ડૉ. આંબેડકરના જીવન કવન આધારિત વકતવ્યો રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી રમણલાલ વોરા, અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અંતે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગની રાજય કક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનારને તથા આ પ્રસંગે ભાગ લેનાર સર્વે વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા.

સિવિલ હોસ્પિટલના બ્રધરનો સ્લો પોઈઝન લઈ આપઘાત

ચાર દિવસથી લાપતા બ્રધરનો મૃતદેહ કોલવડા-સોનીપુરમાં સ્થિત તેનાજ ખેતરમાંથી મળી આવ્યો
એરંડાના સાંઠા પર બોટલ ભરાવીને હાથમાં વિગો નાંખી એનેસ્થેસીયા ડ્રગ્સ લઈ લીધું...!

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક કોલવડા ગામની સીમ સોનીપુર ગામમાં રહેતા અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ગાયનેક ઓ.ટી.માં ફરજ બજાવતા બ્રધરનો ચાર દિવસથી કોઈ પતો ન હતો. આજે સવારે તેનાજ ખેતરમાં એરંડાના સાંઠા ઉપર બોટલ ભરાવીને હાથમાં વિગો લગાવી એનેસ્થેસીયા માટે વપરાતી ડ્રગ્સનો ઉપયોગ કરીને સ્લો પોઈઝન લઈ આપઘાત કરી દીધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. પેથાપુર પોલીસે મૃતદેહ પી.એમ. કરાવીને અકસ્માત મોતનો ગુનો નોંધી બોટલમાં કયુ ચોકકસ પોઈઝન નાંખ્યુ હતું તે માટે સેમ્પલ એફએસએલમાં મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

કોલવડાની સીમમાં સ્થિત સોનીપુર ગામમાં રહેતો ૨૩ વર્ષીય યુવાન જયદિપસિંહ ગોવિંદસિંહ ઓપરેશન થિયેટરમાં નોકરી કરતો હતો. ૧૨મી તારીખથી જયદિપસિંહ ઘરે પહોંચ્યો ન હતો અને હોસ્પિટલમાં પણ આવતો ન હોવાથી સે-૭ પોલીસ સ્ટેશનમાં તેના ગુમ થયા હોવાની જાણવા જોગ પણ નોંધાવવામાં આવી હતી. દરમિયાન આજે સવારે સોનીપુરમાં સ્થિત તેના ખેતરમાંથી જ તેનો ડીકમ્પોઝ થઈ ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. મળતી વિગત મુજબ હોસ્પિટલના મકવાણા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગાયનેક વિભાગના બેભાન કરવા ખુબ ઓછી માત્રામાં વપરાતા એનેસ્થેસીયાના ડ્રગ્સ કોલીન-પ્રોપોફોલ લઈને જયદિપસિંહ બાઈક પર નીકળી ગયો હતો અને ત્યાર બાદ પોતાના ખેતરમાં જઈ એરંડાના સાંઠા પર બોટલ લગાડી તેમાં એનેસ્થેસીયા ડ્રગ્સ નાંખી સ્લો પોઈઝન લઈને આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ અકસ્માત મોતનો ગુનો નોંધી એફએસએલની મદદ લઈને તપાસ આરંભી છે.

બ્રધરના જમણા હાથમાંથી જંતુનાશક ઝેરી દવાની અડધી શીશી પણ મળી...!

ડીકમ્પોઝ થઈ ગયેલા બ્રધરના મૃતદેહને પી.એમ. માટે મોકલી દેવાયો હતો તે પહેલા સ્થળ પંચનામુ કરવામાં આવ્યું ત્યારે તેના ડાબા હાથે બોટલ ચઢાવેલી હતી, જમણા હાથે ક્લોરપાઈરીફોસ્ટ નામની જંતુનાશક ઝેરી દવાની અડધી શીશી હતી અને એનેસ્થેસીયા ડ્રગ્સની શીશી વીસેક ફુટ દુર પડી હતી. આ સ્થિતિ જોતા એવું પણ અનુમાન લગાવાઈ રહ્યું છે કે જયદિપસિંહે પહેલા ઝેરી દવા ગટગટાવી લીધી હશે અને ત્યાર બાદ તેની પીડા તથા બળતરા સહન ન કરવી પડે તે માટે એનેસ્થેસીયા ડ્રગ્સ બોટલમાં નાંખીને ચઢાવી દીધો હશે જેથી ઝેર શરીરમાં પ્રસરે અને મોત થાય ત્યાં સુધીમાં તે બેભાન હોય...! પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

સિવિલ ડિફેન્સના સ્વયંસેવકો-વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા

વનશ્રી કલબ દ્વારા બીબીએ કોલેજમાં વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અપાયું

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજ દ્વારા અભ્યાસક્રમની સાથે સાથે વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ નાગરિક બને તે હેતુથી વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમોનું આયોજન થાય છે. જે અન્વયે સિવિલ ડીફેન્સ ટ્રેનિંગ, પ્રોગ્રામ નેચર ટ્રેલ, સેમિનાર 'વિશ્વ દિકરી દિવસ', 'સેવ બર્ડ ઓન ઉત્તરાયણ' જેવા અનેક કાર્યક્રમ વર્ષ દરમિયાન યોજાઈ ચુકયા છે. જેમાં સિવિલ ડીફેન્સ પ્રોગ્રામમાં સફળ ૭૪ વિદ્યાર્થીઓને પી.આઈ-ડેપ્યુટી કંટ્રોલર, સિવિલ ડીફેન્સ મહેન્દ્રસિંહ રાઠોડ તેમજ વનશ્રી નેચર કલબના અંજનાબેન નિમાવત આ બંને દ્વારા ખાસ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલ તાલીમમાં તેઓને નાગરિક તરીકેની પોતાની ફરજો તેમજ જયારે રાષ્ટ્ર કોઈ કુદરતી કે માનવસર્જિત કટોકટીમાં સપડાયેલ હોય ત્યારે કઈ રીતે દેશની સેવા સામાન્ય નાગરિક પણ કરી શકે તે બાબતે તાલીમ આપવામાં આવી હતી. તાલીમ બાદ તેની પરીક્ષા લેવાઈ જેમાં બીબીએના ૭૪ વિદ્યાર્થીઓ વિવિધ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા હતા. આજના કાર્યક્રમમાં કોલેજના સિનિયર અધ્યાપક ડૉ. જયેશ તન્ના ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સિવિલ ડીફેન્સની ટ્રેનિંગને શિસ્ત બદ્ધ રીતે સામાન્ય જીવનમાં અમલ કરવા જણાવ્યું હતું. સાથે સાથે આજના કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના 'વુમન ડેવલોપમેન્ટ સેલ' દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું જે તમના માતા-પિતાનું એકમાત્ર સંતાન હોય. આ યોજના અંતર્ગત બીબીએની સાત વિદ્યાર્થીનીઓ પણ સન્માનિત થઈ હતી. જેઓને અંજનાબેન નિમાવતના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અંજના નિમાવત ગાંધીનગરના ગ્રીન એમ્બેસેડર તરીકે કાર્ય કરી રહ્યા છે તેમજ તે સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ પ્રો. માર્ગી દેસાઈ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

દહેગામમાં ૩૨ વર્ષીય યુવાનનું શંકાસ્પદ મોત

પોતાના મકાનના રસોડામાંથી અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળ્યો : મુખ્ય દરવાજો અંદરથી બંધ અને પાછળનો દરવાજો ખુલ્લો હોવાથી હત્યાની આશંકા

ગાંધીનગર, તા.૧૬

દહેગામની આદિત્યનાથ સોસાયટીમાં રહેતા ૩૨વર્ષીય યુવાનનો આજે પોતાના ઘરે જ ડીકમ્પોઝડ થઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. સ્થળ પંચનામામાં કેટલાક મુદ્દાઓને બારીકાઈથી જોતા આ યુવાનની હત્યાના થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. અર્ધ નગ્ન હાલતમાં મૃતદેહ પડયો હતો અને મુખ્ય દરવાજો અંદરથી બંધ જયારે પાછળનો દરવાજો ખુલ્લો હતો. તે ઉપરાંત મકાનમાંથી ઢગલાબંધ કોન્ડોમના પેકેટ પણ મળી આવ્યા હતા. દહેગામ પોલીસે અકસ્માત મોતનો પ્રાથમિક તબક્કે ગુનો દાખલ કરી મૃતદેહ ફોરેન્સીક મેડીસીન વિભાગમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ દહેગામ આદિત્યનાથ સોસાયટીમાં રહેતો ૩૨ વર્ષીય રાકેશ કાનાજી પરમાર દહેગામ કન્યા શાળા સામે પાન બીડીનો ગલ્લો ચલાવી પેપર વિતરણનું કામ પણ કરતો હતો. આજે તેના જ ઘરના બિન વપરાશી રસોડામાં માત્ર શર્ટ પહેરેલો અર્ધનગ્ન હાલતમાં ડીકમ્પોઝ થઈ ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. અત્યંત દુર્ગંધ મકાનમાંથી આવતા પાડોશીઓએ પોલીસને બોલાવી તપાસ કરી ત્યારે ખ્યાલ આવ્યો કે બે ત્રણ દિવસથી ડેડબોડી રૂમમાં પડી હોવાથી દુર્ગંધ આવતી હતી. મૃતદેહની બાજુમાં લોહીનો ધબ્બો પડેલો હતો અને નજીકમાં જ વપરાયેલો એક કોન્ડોમ પણ હતો તે સિવાય મકાનમાંથી ઢગલાબંધ કોન્ડોમના પેકેટ પણ મળી આવ્યા હતા. મુખ્ય દરવાજો અંદરથી બંધ હતો અને પાછળનો દરવાજો ખુલ્લો હતો તે ઉપરાંત મૃતદેહની પોઝીશન જોતા અત્યંત શંકાસ્પદ હોવાથી હત્યાની આશંકા પણ સેવાઈ રહી છે. દહેગામ પોલીસે ફોરેન્સીક મેડીસીન વિભાગમાં નિષ્ણાંતો પાસે મૃતદેહ મોકલી પોસ્ટમોર્ટમ કરાવી ઉંડી તપાસ શરૂ કરી છે.

શહેરના સેકટર-૭ શાકમાર્કેટમાં આખલાનો ત્રાસ

શાકભાજી ખરીદવા આવતી મહિલાઓ ડર અનુભવી રહી છે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૭માં આવેલા શાકમાર્કેટમાં રખડતા ઢોરનો ત્રાસ વધી જવા પામ્યો છે. આ ઢોર હવે એટલી હદે બેફામ બની ગયા છે કે ગમે તેને અડફેટે લેતા મહિલાઓ ડર અનુભવી રહી છે. તાજેતરમાં શાક ખરીદવા આવેલા એક બહેનને આખલાએ ઈજા પહોંચાડતા મહિલા બેભાન થઈ ગયા હતા. મહિલાને ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા જયાં સારવાર દરમ્યાન ભાનમાં આવ્યા હતા. નગરમાં રખડતા ઢોરનો ત્રાસ વધી જવા પામ્યો છે પરંતુ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનો શૂર નગરજનોમાં ઉઠવા પામ્યો છે.

પાટનગરના સેકટર-૭ના ભરાતા શાકમાર્કેટમાં તાજેતરમાં તોફાને ચડેલા એક આખલાએ સમગ્ર શાકમાર્કેટને માથે લીધુ હતું. તોફાને ચડેલા આખલાએ શાકભાજીની ખરીદી કરી રહેલી બહેનોમાંથી એક મહિલાને નિશાન બનાવી હતી.આખલાની અડફેટને પરિણામે મહિલા બેભાન થઈ ઢળી પડ્યા હતા. ઈજાગ્રસ્ત મહિલાને ૧૦૮ દ્વારા સિવિલ હોસપિટલ ખાતે લઈ જવાયા હતા જયાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં મહિલાને દાખલ કરવામાં આવ્યા હતા.આખલાની અડફેટને પગલે મહિલાને શારીરીક અને માનસિક તકલીફ હોવાનું જણાવ્યું હતું. પાટનગરમાં રખડતા ઢોરને કારણે અનેક લોકો ઈજાગ્રસ્ત બન્યા છે જેમા વધુ એક ઉમેરો થવા પામ્યો છે. છતા તંત્ર દ્વારા રખડતા ઢોરને કાબુમાં લેવા નકકર કાર્યવાહી કરવામાં આવી નથી.જેને પરિણામે આવા બનાવો અવાર નવાર બની રહ્યા હોવાનું ચિત્ર સામે આવી રહ્યું છે.

વાતવાતમાં

● શહેરમાં કોર્પોરેશનની ચુંટણીઓના માહોલનો અનુભવ નગરજનોને દિવસભર પ્રચાર માટે દોડતી રહેતી રીક્ષાઓ દ્વારા થઈ રહ્યો છે. આ રીક્ષાઓમાં જે દેશભક્તિના ગીતો વગાડાય છે જેમાં 'અય મેરે વતન કે લોગો, જરા આંખ મેં ભરલો પાની' પણ વાગતું હોય છે જે કદાચ મતદાતાઓને જાગૃત કરવા માટે જ હશે.

● ફરી એકવાર શહેરમાં સૂકા પાંદડાઓના ઢગલાને સળગાવવાની ઘટના બનવા પામી છે. આ વખતે ઘ-૪ સર્કલથી ઉદ્યોગભવન થઈને એલઆઈસી તરફ જતા માર્ગે સ્વર્ણિમપાર્ક નજીક સૂકા પાંદડા સળગાવી વૃક્ષોને નુકસાન પહોંચાડવા પ્રયત્ન કરાયો છે.

● સે-૨૬માં કિસાનનગર પાછળના રેલવે ફાટક નજીકના છાપરામાં એક મહિલા પ્રાઈમસ હોલવવા જતા થયેલા ભડાકાથી શરીરે દાઝી જવા પામી હતી. આ મહિલાની હાલત વધુ ગંભીર બનતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવી છે.

● સતત બે દિવસ પછીની રજા પછી ખુલેલી બેંકોની શાખાઓમાં શનિવારે ગ્રાહકોની ભીડ વધુ જોવા મળી હતી. વળી, રવિવાર આવતો હોવાથી પણ ગ્રાહકોએ પોતાના નાણાંકીય વ્યવહારો પતાવી દેવાનું મુનાસીબ માન્યું હતું.

સે-૪માં હનુમાન જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૪ સ્થિત હનુમાનજી મંદિર ખાતે આગામી તા. ૨૨મી એપ્રિલને શુક્રવારના રોજ હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી નિમિત્તે સવારે ૮.૩૦ કલાકે ધ્વજારોહણ અને સવારે ૯.૦૦ કલાકે યજ્ઞ કરવામાં આવશે. સાંજે ૪.૦૦ કલાકે પૂર્ણાહુતિ કરાશે તેમજ સાંજે ૭.૦૦ કલાકે મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે સુખડી, કેક અને ચોકલેટનો પ્રાસદ તમામ ભકતજનોને આપવામાં આવશે નગરના તમામ ભાવિક ભકતોને આ અવસરનો લાભ લેવા હનુમાનજી મંદિર સમિતિના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

ટિફિન જોઈએ કે ઈલેકટ્રિશિયન, દરેકનો હલ 'ઈન્ફો-એન્જિન'

ગાંધીનગરના ડેવલોપર્સ દ્વારા તૈયાર કરાયેલ એન્ડ્રોઈડ મોબાઈલ એપ 'ઈન્ફો-એન્જિન'થી કોઈ પણ પ્રોડકટસ કે સર્વિસ અંગે જાણકારી અને વિકલ્પ મેળવવા હાથ વેંતમાં : પ્લે સ્ટોર પર એપ વિના મૂલ્યે ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૧૬

આપ ગાંધીનગરમાં નવા રહેવા આવ્યા હોવ અને ઘરમાં કોઈ સ્વજન બિમાર પડયું હોય પરંતુ આપના વિસ્તારમાં મેડીકલ સ્ટોર્સ કયાં આવેલો છે કે નજીકમાં કયું દવાખાનું છે તેની માહિતી ના હોય તો શું કરો? આપના વિસ્તારમાં લોન્ડ્રી સર્વિસ કે બ્યુટીપાર્લર કયાં આવેલું છે તેની માહિતી કેવી રીતે મેળવશો? ઘરમાં દિકરો કે દિકરીનો બર્થ ડે હોય અને તેને સરપ્રાઈઝ આપવા કેક કે રમકડાં ખરીદવા છે પરંતુ ભરોસાપાત્ર બેકરી કે ગીફટ શોપ નજીકમાં છે તે કેવી રીતે જાણશો? અરે, ઘરવાળી વેકેશનમાં પિયર ગઈ હોય તો આપને જમવા માટે ટિફીન સર્વિસની જરૂર છે પરંતુ તે અંગે કોઈ જ જાણકારી ના હોય તો શું કરશો? આપની આવી તમામ સમસ્યાઓનો ઉકેલ હવે આપના હાથવેંતમાં છે, જો આપના હાથમાં એન્ડ્રોઈડ સ્માર્ટ ફોન હશે તો.

શહેરમાં એક એવી મોબાઈલ એપ તૈયાર કરાઈ છે જે આવી તો અનેક નાની મોટી સમસ્યાઓ ચપટીમાં ઉકેલી આપે છે. કારણકે આ મોબાઈલ એપ આપને આપે છે એવા અઢળક નામ-સરનામા જયાં આપને જરૂરિયાતની ચીજવસ્તુ કે સર્વિસ આસાનીથી ઉપલબ્ધ છે. 'ઈન્ફો-એન્જિન' નાની મોબાઈલ એપ એન્ડ્રોઈડ સ્માર્ટ ફોનમાં વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાય છે જે આપના વિસ્તારમાંજ નહીં પરંતુ સમગ્ર શહેરમાં ઉપલબ્ધ લગભગ તમામ પ્રોડકટસ અને સર્વિસીઝ ઓફર કરતા વેપારીઓ, દુકાનો, શો રૂમ વગેરેની માહિતી પળભરમાં આપે છે. એટલું જ નહીં પરંતુ આપે પસંદ કરેલ વિકેતાનો સંપર્ક પણ માત્ર એક જ 'કિલક'માં કરાવી આપે છે. આ મોબાઈલ એપ દ્વારા આપ ચશ્માથી માંડીને કાર ખરીદવા માટે મેળવી શકો છો, કરિયાણાથી માંડીને દૂધની બનાવટો, બેકરી પ્રોડકટસ, ફળફળાદિ, પીત્ઝા કે પાઉંભાજી ખરીદી શકો છે, બારીના કાચ જોઈતા હોય કે મ્યુઝિક-ડાન્સ સ્ટુડિઓનું લીસ્ટ, બિલ્ડીંગ મટિરીયલ્સ



જોઈતું હોય કે હાર્ડવેર, અનાજ દળવાની ઘંટીનું સરનામું જોઈતું હોય કે પછી પાર્ટી પ્લોટ બુક કરાવવો હોય તમામ સંપર્ક હાથવગા મળી રહે છે.

ઈન્ફો એન્જિન દ્વારા ઘરના પ્રસંગ માટે મંડપ સર્વિસની જરૂર હોય કે સ્વીટ ફરસાણની, ટ્રેડિશનલ વસ્ત્રો જોઈએ કે આખે આખી ઈવેન્ટ મેનેજ કરાવવી હોય તમામ સંપર્ક ઉપલબ્ધ છે. દરજી, ઈલેકટ્રીશિયન, પ્લમ્બર, હજામ કે જવેલર્સ ઉપરાંત ડ્રાઈવીંગ શીખવા માટેની સ્કૂલ હોય કે કોઈ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ, માછલીઘર ખરીદવું હોય કે પુસ્તકો-સ્ટેશનરી ખરીદવી હોય તમામ વિકલ્પો કેટેગરી વાઈઝ ઉપલબ્ધ છે. ઈન્ફો એન્જિન એપ વાપરવામાં એટલી સરળ છે કે દરેક મોબાઈલ ધારક આસાનીથી ઉપયોગ કરી શકે છે. આ એપ પ્લે સ્ટોર પર વિના મૂલ્યે ઉપલબ્ધ છે. હાલ તો આ એપ માત્ર એન્ડ્રોઈડ વર્ઝનમાં છે પરંતુ ખૂબ જ જલ્દીથી તે માઈક્રોસોફટ અને એપલ માટે પણ ઉપલબ્ધ થશે. વળી, શહેરના તમામ વિકેતા ઈન્ફો એન્જિન એપ દ્વારા નજીવી કિંમતમાં તેમના વેપાર ધંધાને વધુ વેગ આપી શકે છે.

ઈન્ફો એન્જિન એપ કુડાસણ વિસ્તારમાં રહેતા બીના સેમ્યુઅલ ક્રિશ્ચિયન દ્વારા તૈયાર કરાવડાવાયી છે જેઓનો ઉદ્દેશ છે કે ગાંધીનગરના નગરજનો માટે એક ઉપયોગી 'ઓનલાઈન' યલો પેજીસની ગરજ સારે આ મોબાઈલ એપ ગાંધીનગરના જ યુવા આઈટી તજજ્ઞો કોહિનૂર હિંગુ તથા પિયુષ પંડયા દ્વારા ડેવલપ કરાઈ છે અને તેની લોગો ડિઝાઈન પ્રેમલ શાહે બનાવી છે. બીના ક્રિશ્ચિયન દ્વારા હજુ પણ આ એપને વપરાશકર્તાઓના અનુભવના આધારે 'સજેશન્સ' મેળવી વધુને વધુ ઉપયોગી તથા સરળ અને એડવાન્સ બનાવવા સઘન પ્રયત્નો કરાઈ રહ્યા છે. આ માટે તેમણે ઈન્ફો એન્જિનની વેબસાઈટ દ્વારા પણ ઉપલબ્ધ કરાવી છે.

શનિવારે ચૈત્રી-ગ્રીષ્મી નવરાત્રી સમાપન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

ગાયત્રી શકિતપીઠના સહયોગથી જયોતિ મહિલા મંડળ અને વિવેક ચેરિટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૩મી એપ્રિલને શનિવારના રોજ ચૈત્રી-ગ્રીષ્મી નવરાત્રી સમાપન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રાર્થના, બેઠા ગરબા, ઘોડા ખૂંદ અને સૂર્ય નમસ્કાર સહિતની સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવશે. ઘોડાખૂંદના ગ્રુપની બહેનોએ ચારની સંખ્યામાં ભાગ લેવાનો રહેશે. ઘોડાખૂંદમાં નવ જ ગ્રૂપના નામ નોંધવામાં આવશે. તેમજ બોરીજની બાર બાળાઓ સૂર્ય નમસ્કાર પ્રસ્તુત કરશે.

આ કાર્યક્રમ શનિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સેકટર-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે યોજાશે. ગાયત્રી ઉપાસના : એક સંસ્કાર અને સ્વાસ્થ્યને સાંકળીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની વધુ માહિતી મેળવવા તેમજ નામ નોંધાવવા ઈચ્છુકોએ લતાબેન ચોકસી, જશુબેન ઠકકર, ડૉ. ચેતના બુચ અને મીનળબેન ઓઝાનો સંપર્ક કરવા જણાવાયું છે.

અવસાન નોંધ

મહેશ સુરતવાલાના પિતા વલ્લભભાઈ દયારામ હરિભાઈનું ૯૦ વર્ષની ઉંમરે સુરત શહેર ખાતે ગત તા. ૪ એપ્રિલના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ભગવાન સ્વામિનારાયણ, ગુરુ હરિ પ્રમુખસ્વામી મહારાજ વલ્લભભાઈ તથા મહેશ સુતારવાલાએ સદગતના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી છે.

ચિરવિદાય

- સ્વ. લીલાવતીબેન ગુલાબરાય પરીખ, ઉ.વ. ૯૭
- સ્વ. રમેશચંદ્ર ભાઈશંકરભાઈ ગોર, ઉ.વ. ૭૬